<u>**કે.વી.કે. અરણેજ અને પશુપાલન ખાતાના સયુંક્ત ઉપક્રમે આંબલિયારા ગામમાં પશુ સારવાર અને નિદાન કેમ્પ યોજાયો**</u>

ધોળકા તાલુકાના આંબલિયારા ગામે કૃષિ વિજ્ઞાન કેંન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી,અરણેજ,પશુ દવાખાનું ધોળકા અને ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના સયુંક્ત ઉપક્રમે પશુ સારવાર અને નિદાન કેમ્પનું આયોજન તા. ૧૩/૭/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલુ હતું. કૃષિ વિજ્ઞાન કેંન્દ્ર, અરણેજના વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન) ડૉ.જે.એચ.પટેલ,પશુ દવાખાનું ધોળકાના પશુ ચિકિત્સક ડૉ. એસ. બી. ડાભી અને ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના ડૉ. બી. જે.પટેલ દ્રારા ગામના પશુઓનું નિદાન અને સારવાર કરવામાં આવેલ. ગામમાંથી કુલ ૨૬૬ પશુઓને સારવાર તેમજ કૃમિ નિવારણ માટેની દવાનું વીતરણ કરવામાં આવ્યું હતું. પશુઓમાં વારંવાર ઉથલા મારવા, સમયસર ગાભણ ન થવું, શરીરમા કૃમિ હોવા, જનન અંગોનો વિકાસ ઓછો હોવો અને બિમાર પશુઓની સારવાર કરવામાં આવેલ તેમજ ડૉ. જે.એચ.પટેલ દ્વારા પશુપાલકોને આદર્શ પશુપાલન કરવા માટેની સમજણ આપી હતી. કાર્યક્રમના અંતમાં ગામના સર્વે પશુપાલકોએ ઉપસ્થિત વૈજ્ઞાનિક અને પશુ ચિકિત્સકોનો આભાર માન્યો હતો.







